॥२८॥

Serving JinShasan

110938

gyanmandir@kobatirth.org

P-13419

22-12-03

॥ श्रीजिनाय नमः ॥

॥ श्रीमृगापुत्रचरित्रम् ॥

(मूळ अने भाषान्तर सहित)

(कर्त्ता-शुभवर्धनगणि)

भाषांतर कर्त्ता तथा छपात्री प्रसिद्ध कर्त्ता—पण्डित श्रावक हीरालाल हंसराज [जामनगरवाळा]

संवत् १९८७. किंमत रु. ०-८-० सने १९३१

श्रीजैनभास्करोदय प्रिन्टिंग प्रेसमां छाप्युं. जामनगर.

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

॥ श्रीजिनाय नमः ॥

॥ श्रीचारित्रविजयगुरुभ्यो नमः ॥

॥ अथ श्रीमृगापुत्रचरित्रं प्रारभ्यते ॥

(गूर्जरभाषांतरोपेतं)

(मूळकर्ता—श्रीशुभवर्धनगणी)

भषांतर कर्ता तथा छपावी प्रसिद्ध करनार—पंडित श्रावक हीरालाल हंसराज (जामनगरवाळा)

सुग्रीवनगरेऽत्रैव । भरते स्वःसमे श्रिया ॥ बलभद्रोऽभवद्राजा । मृगेत्याख्या च तत्प्रिया ॥ १ ॥

अर्थः—लक्ष्मीवडे करीने देवलोक सरखा आज भरतक्षेत्रमां सुग्रीवनामना नगरमां बलभद्रनामे राजा हतो, अने तेनी मृगानामनी राणी हती ॥ १ ॥

॥ १ ॥

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

बलश्रीस्तत्सुतो लोके । मृगापुत्रेतिविश्रुतः ॥ युवराजो भृशं पित्रोः । प्रियः शमितशात्रवः ॥ २ ॥

अर्थः—ते राजानो बलश्री नामे पुत्र हतो, परंतु लोकमां तेनुं "मृगापुत्र" नाम प्रसिद्ध हतुं, वळी शांत कर्यो छे शत्रुओनो समूह जेणे एवो ते युवराज मात पिताने अति प्रिय हतो. ॥ २ ॥

सदा स्वर्मंदिरोदारे । स्वकीयावासमंदिरे ॥ क्रीडतेस्म सम स्त्रीभिः । स दोगुंदकदेववत् ॥ ३ ॥

अर्थः—ते मृगापुत्र हमेशां देवविमान सरखा मनोहर एवा पोताना आवासमंदिरमां दोगुंदक देवनी पेठे स्त्रीओ साथे विलास करतो हतो. ॥ ३ ॥

अन्यदा स गवाक्षस्थः । पुरं पश्यन्ननेकधा ॥ जितेंद्रियं मुनिं कंचि–द्ददर्श तपसा कृशं ॥ ४ ॥

अर्थः—एक दिवसे ते मृगापुत्र झरुखामां बेसी अनेक प्रकारनी नगररचना जोइ रह्यो हतो, एवामां तेणे जीतेल छे इंद्रियो जेणे, तथा तपथी डुबळा शरीरवाळा कोइक मुनिने जोया. ॥ ४ ॥

विलोक्यैनं मृगापुत्र–श्चिंतयेदिति चेतसि ॥ मन्येऽहमीदृशं रूपं । पुरा दृष्टं मया रयात् ॥ ५ ॥

अर्थः—ते मुनिराजने जोइने ते मृगापुत्र तुरत पोताना मनमां एम विचारवा लाग्यो के, हुं धारुं छुं के, में आवुं स्वरूप पूर्वे (क्यांक) जोयुं छे. ॥ ५ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

इति चिंतयतस्तस्य । साधुदर्शनयोगतः ॥ मूर्छां गतस्य तत्कालं । जातिस्मृतिरभूत्परा ॥ ६ ॥

अर्थः–ते मुनिराजने जोवाथी एम विचारता, अने तेथी तत्काल मूर्छा पामेला एवा ते मृगापुत्रने श्रेष्ठ जातिस्मरण ज्ञान उत्पन्न थयुं

चिंतयेच्च मया पूर्वं । श्रामण्यमनुपालितं ॥ देवीभूय ततो भोगा ॥ भुक्ताश्च विविधा मया ॥ ७ ॥

अर्थः—तेथी तेणे विचार्युं के पूर्वेमें चरित्र पाळ्युं छे, अने तेथी देवपणे उत्पन्न थइने में नानाप्रकारना भोगो भोगव्या छे, ।७।।

तदरज्यन् स भोगेषु । किंतु रज्यन् महाव्रते ॥ इदं वाक्यमुपागम्य । पितरौ कुमरो जगौ ॥ ८ ॥

अर्थः—तेथी भोगोमाटे नाखुश थयेलो परंतु चारित्र लेवामाटे खुशी थयेलो ते मृगापुत्र माता पिता पासे आवीने आवीरीतनुं वचन बोलवा लाग्यो के, ॥ ८ ॥

महाव्रतानि पंचैव । श्रुतानि नरकेषु च ॥ दुःखं सोढं मया हंत । नृतिर्यक्षु तथामितं ॥ ९ ॥

अर्थः—महाव्रतो तो पांचज सांभळेलां छे, परंतु अरेरे ! नरकोमां, मनुष्यभवोमां तथा तिर्यंचोना भवोमां में प्रमाण विनानुं दुःख सहन कर्युं छे. ॥ ९ ॥

निवृत्तोऽस्मि ततोऽनंत दुखःमूलाद्भवादहं ॥ पितरावनुजानीतं । तद् गृहीष्यामि संयमं ॥ १० ॥

अर्थः—माटे हवे तो अनंत दुःखोना मूल रूप संसारथी हुं कंटाळी गयो छुं, अने तेथी हवे तो हु चारित्र लेइश. माटे हे माता पिताजी ! ते माटे मने अनुज्ञा आपो. ॥ १० ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

मातः पितर्मया भोगा । भुक्ता विषफलोपमाः ॥ मुखेऽतिमधुराः प्रांते । कटुका दुःखदायिनः ॥ ११ ॥

अर्थः—हे ! माता पिताजी ! में झेरी फल सरखा (वगा) भोगो भोगव्या छे, के जे मुखमां लेतां अति मधुरा लागे छे, परंतु परिणामे कडवा अने दुःख देनारा छे. ॥ ११ ॥

अनित्यमिदमंगं मे-ऽशुचिजं चाशुचिभृतं ॥ जीवस्याऽशाश्वतं स्थानं । दुःखक्लेशैकभाजनं ॥ १२ ॥

अर्थः— आ मारुं शरीर अशुचिमांथी उत्पन्न थयेलुं, अने आशुचिथीज भरेलुं तथा अनित्य छे. तेमज ते आ जीवने रहेवा माटे क्षणिक स्थान सरखुं, अने दुःखो तथा क्लेशोना पात्रसरखुं छे. ॥ १२ ॥

विनश्वरे रतिं नांगे । प्राप्तोऽस्मि चितरौ क्वचित् ॥ जलबुद्बुदसंकाशे । त्यक्तव्येऽवश्यमुच्चकैः ॥ १३ ॥

अर्थः— हे माता पिताजी' जलना परपोटानी पेठे नाशवंत, तथा अवश्य तजवा लायक एवां आ शरीरथी हुं क्यांय पण सारीरीते सुख पाम्यो नथी. ॥ १३ ॥

आधिव्याधिगृहे जाग्र-जराजन्ममृतिव्यथे ॥ असारे मनुजत्वे हि । न लेभे रतिमुच्चकैः ॥ १४ ॥

अर्थः—आधि अने व्याधिना स्थानरूप, वृद्धावस्था, जन्म तथा मरणनी पीडावाळा एवा आ असार मनुष्यभवमां पण खरेखर हुं सारी रीते सुख पाम्यो नथी. ॥ १४ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

चातुर्गतिकः संसारः । क्लेशाधारः शरीरिणां ॥ क्लिश्यंति जंतवो यत्रा–नंतदुःखैर्निरंतरं ॥ १५ ॥

अर्थः—आ चारे गतिओवाळो संसार प्राणीओने क्लेश उपजावनारो छे, के जेमां प्राणीओ निरंतर अनंता दुःखो वडे क्लेश पाम्या करे छे,

अवश्यमेव गंतव्यं । त्यक्त्वा देहधनादिकं ॥ धर्महीनस्य संसारो । भवेद्दुःखपदं ततः ॥ १६ ॥

अर्थः—वळी आ शरीर तथा धन आदिक तजीने (एकदिवस) अवश्य चाल्या जवानुं छे, अने तेथी धर्मरहित प्राणीने (आ) संसार दुःखोना स्थानरूप थइ पडे छे. ॥ १६ ॥

अपाथेे यः पुनर्मार्गं । महांतं यः प्रपद्यते ॥ सोऽपि गच्छन् क्षुधा तृष्णा–पीडितो दुःखभाग्भवेत् ॥१७॥

अर्थः—वळी जे माणस भातुं लीधाविना म्होटी मुसाफरीये जाय छे, ते पण चालताथको क्षुधातृषाथी पीडाइने दुःखी थाय छे.

अकृत्वा धर्ममेवं यो जंतुर्याति भवांतरं ॥ स गच्छन् स्यान्महा दुःखी रोगशोकादिपीडितः ॥ १८ ॥

अर्थः—एवीरीते जे प्राणी धर्म कर्याविना परभवमां जाय छे, ते जतोथको रोग अने शोकआदिकथी पीडित थइने अतिदुःखी थाय छे. ॥ १८ ॥

यो महांतमथाध्वानं । सपाथेयः श्रयेन्नरः ॥ क्षुट्पिपासा विमुक्तः सन् । व्रजन्नति सुखी भवेत् ॥१९॥

अर्थः—वळी जे पुरुष भातुं लेइने म्होटी मुसाफरीये जाय छे, ते क्षुधा अने तृषाथी मुक्त थइ जतोथको अत्यंत सुखी थाय छे.

P.P. Ac. Gunratnasuri M.S.

Jun Gun Aaradhak Trust

क्रुत्वार्हद्धर्ममेवं यः । प्रयात्यन्य भवं भवी ॥ आधि व्याधि विनिर्मुक्त–स्तत्र गच्छन् सुखी भवेत् ॥२०॥

अर्थः—एवीरीते जे भव्य माणस जैनधर्म आचरीने परभवमां जाय छे, ते त्यां जतोथको आधिव्याधिथी मुक्त थइने सुखी थाय छे. ॥ २० ॥

लग्ने यथाग्नौ स्वावासे । तत्पतिः सारवस्तुनः ॥ करोति कर्षणं नूनं । मुक्त्वाऽसारपरिग्रहं ॥ २१ ॥

अर्थः—पोताना घरमां आग लागवाथी तेनो मालीक जेम खरेखर असार वस्तुओने तजीने उमदी वस्तुओ बहार कहाडी लीये छे, ॥ २१ ॥

एवं लोके जरामृत्य्वा–द्यग्निना व्याकुली कृते ॥ आत्मानं तारयिष्यामि । पूज्यौ युष्मन्निदेशतः ॥२२॥

अर्थः—एवीरीते हे पूज्यौ ! जरा तथा मृत्युआदिक रूप अग्निथी व्याकुल थयेला आ लोकमांथी, आपनी आज्ञावडे हुं पण मारा आत्मानो उद्धार करीश. ॥ २२ ॥

मृगापुत्रेण तेनेति । कथिते पितरावदः ॥ प्रजल्पतश्चिरं वत्स । श्रामण्यमति दुश्चरं ॥ २३ ॥

अर्थः—ते मृगापुत्रे एम कहेवाथी तेना मातापिता तेने एम कहेवा लाग्या के, हे वत्स ! लांबा काळसुधी चारित्र पाळवुं बहु मुश्केल छे ॥ २३ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

भिक्षोः शिलांगरूपाणां । गुणानां च दिवानिशं ॥ अष्टादश सहस्राणि । धारणीयानि साधुभिः ॥ २४ ॥

अर्थः—केमके साधुओने हमेशां रातदिवस भिक्षुकना शीलसंबंधी अढार हजार भेदोरूपी गुणोने धारण करवा पडे छे. ॥ २४ ॥

समताखिलजीवेषु । शत्रौ मित्रेऽथ दुर्जने ॥ दुःकरा सर्वदा प्राणा-तिपातविरतिर्मुनेः ॥ २५ ॥

अर्थः—वळी मुनिने शत्रु, मित्र तथा दुर्जन, एम सर्व जीवोमते समता राखवी पडे छे, तेमज हमेशां जीवहिंसाथी दूर रहेवानुं महा मुश्केल छे. ॥ २५ ॥

अप्रमत्ततया नित्यं । मृषावादविवर्जनं ॥ दुःकरं खलु वक्तव्यं । सावधानतया हितं ॥ २६ ॥

अर्थः—वळी हमेशां प्रमादरहित थइने मृषावचनना त्यागपूर्वक सावधानपणे हितकारी वचन बोलवानुं खरेखर मुश्केल छे. ॥२६॥

तृणमात्रस्याप्यदत्तस्य । वर्जनं वत्स दुष्करं ॥ अनवद्यैषणीयस्या—हारस्य ग्रहणं तथा ॥ २७ ॥

अर्थः—वळी हे वत्स! फक्त तणखलां जेवी पण अणदीधेली वस्तु लेवानो त्याग, तथा निर्दोष अने योग्य आहार ग्रहण करवानुं पण मुश्केल छे. ॥ २७ ॥

अब्रह्मचर्यविरति—र्भुक्तभोगस्य सद्यतेः ॥ सुदुष्करं तथा ब्रह्म—व्रतधारणमन्वहं ॥ २८ ॥

अर्थः—वळी पूर्वावस्थामां (गृहस्थीपणामां) जेण भोगो भोगवेला छे, एवा उत्तम यतिने (पण) स्त्रीविलासथी विरक्त थइने हमेशां ब्रह्मचर्य पालवुं, ते पण महा मुश्केल छे. ॥ २८ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

दुष्करं धनधान्यादि–परिग्रहविवर्जनं ॥ निर्ममत्वाखिलारंभ–परित्यागौ च सर्वदा ॥ २९ ॥

अर्थः—वळी हमेशां धन तथा धान्य आदिक परिग्रहनो त्याग करवो, तेमज ममतानो त्याग करीने सर्व आरंभोनो त्याग करवो पण मुश्केल छे. ॥ २९ ॥

रात्रौ चतुर्विधाहार–परित्यागस्तु दुष्करः ॥ सर्वथैव न कर्तव्य–स्तथा संनिधिसंचयः ॥ ३० ॥

अर्थ—वळी रात्रिए चारे प्रकारना आहारनो त्याग करवो पण मुश्केल छे, तेमज सर्वथा प्रकारे कोइ पण वस्तुओ पासे संयम राखी शकाशे नही ॥ ३० ॥

क्षुत्पिपासातिशीतोषणा–दंशमशकवेदनाः ॥ पराक्रोशा दुःखशय्या। तृणस्पर्शो मलस्तथा ॥ ३१ ॥
ताडनं तर्जनं चैव। वधबंधा सुदुस्सहौ ॥ भिक्षाचर्या सदा यांचा। लाभा भावश्च दुःसहः ॥३२॥युग्मं॥

अर्थः—क्षुधा, तृषा, अतिठंडी, अतिताप, दंश, अने मच्छरनी पीडा, बीजा क्रोधनां वचनो, शरीरने कष्ट उपजे एवी शय्या अथवा उपाश्रय, डाभआदिक शरीरमां खुंचे एवां तृणोनो स्पर्श, शरीरसंबंधी मेल, ॥ ३२ ॥ तेमज ताडन, तर्जना, वध अने बंधन पण सहन करवां मुश्केल छे, तेमज हमेशां भिक्षामाटे भमवुं, याचना करवी, अने जोइती वस्तु मळवानो अभाव, ए सघळा परीषहो सहन करवा मुश्केल छे. ॥ ३२ ॥ युग्मं ॥

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

सदा कापोतिकावृत्तिः । केशलोचश्च दारुणः ॥ धार्यं ब्रह्मव्रतं घोरं । सर्वदैतन्महात्मना ॥ ३३ ॥

अर्थः—वळी महात्मा मुनिने हमेशां कापोतवृत्ति (आहारमाटे भमरानीपेठे माधुकरी वृत्ति) धारण करवी पडे छे, तथा केशोनो लोच करवो ए पण भयंकर छे, वळी हमेशां ते तीव्र ब्रह्मचर्यव्रत पाळवानुं छे. ॥ ३३ ॥

सुकुमालतनुः पुत्र । ततस्त्वं हि सुखोचितः ॥ श्रामण्यमीदृशं कर्तुं । नालं भवसि सर्वदा ॥ ३४ ॥

अर्थः—वळी हे वत्स? तुं सुकुमाल शरीरवाळो छो, तेथी खरेखर तुं तो सुख भोगववाने लायक छो, अने तेटलामाटेज तुं आवुं मुश्केल चारित्र हमेशां पालवाने समर्थ थइ शकीश नही. ॥ ३४ ॥

अविश्रमो भवेद्याव–ज्जीवं प्रशमिनां पुनः ॥ गुरुर्गुणभरो लोह–भरवद्दुर्वहस्तव ॥ ३५ ॥

अर्थः—वळी मुनिओने छेक जींदगीपर्यंत विश्राम मळी शकतो नथी, अने तेथी लोखंडना भारनी पेठे गुणोनो म्होटो भार तारे उंचकवो मुश्केली भर्यो छे. ॥ ३५ ॥

गंगाश्रोतः पुरो यानं । दुस्तरोऽब्धिरिवाथवा ॥ बाहुभ्यां श्रमणत्वं हि । तथा वत्स सुदुष्करं ॥ ३६ ॥

अर्थः—वळी हे वत्स जेम गंगानदीने सामे पूरे जवुं, अथवा बे हाथे महासागर तरवो मुश्केल छे, तेम मुनिपणुं पाळवुं पण मुश्केलीभर्युं छे. ॥ ३६ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

असिधारा यथा वत्स । नर्तकानां सुदुश्चरा ॥ तथा निरतिचारं च । दुश्चरं चरणं मतं ॥ ३७ ॥

अर्थः—वळी हे वत्स! नृत्य करनाराओने खड्गनी धारापर चालवुं जेम मुश्केलीभर्युं छे, तेम अतिचार रहित चारित्र पालवानुं कार्य पण मुश्केली भर्युं जाण्युं छे. ॥ ३७ ॥

पंचमहाव्रताचार–पालनं गदितं बुधैः ॥ दुष्करं लोहचनक–दंतचर्वणसन्निभं ॥ ३८ ॥

अर्थः—वळी आ पांचे महाव्रतोना आचार पालवानुं कार्य विद्वानोए दांतोवडे लोखंडना चणा चाववासरखुं मुश्केल कहेलुं छे.

वह्निज्वाला यथा दीप्ताः । पातुं स्याद्‌तिदुष्करा ॥ तथा सुदुष्करं कर्तुं । श्रामण्यं यौवने सति ॥ ३९ ॥

अर्थः—जे प्रकटी निकळेली अग्निनी ज्वालाओने पीवी अतिमुश्केल छे, तेमयौवन वयमां मुनिपणुं पालवुं वधारे मुश्केली भर्युं छे. ॥ ३९ ॥

यथा भर्तुं महावातैः । कुत्थलः खलु दुष्करः ॥ श्रमणत्वं तथा धर्तुं । क्लीबेन सुत दुष्करं ॥ ४० ॥

अर्थः—वळी हे वत्स! खरेखर जेम महान् वायुवडे कथोळो भरवो मुश्केल छे, तेम निर्माल्य पोपला पुरुषने चारित्र पालवुं महा मुश्केल छे. ॥ ४० ॥

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

यथा तोलयितुं मेरु–स्तुलया किल दुष्करः ॥ तथा विशुद्धं निःशंकं । श्रामण्यं पुत्र दुश्चरं ॥ ४१ ॥

अर्थः—वळी हे वत्स! खरेखर मेरुपर्वतने कांटामां नाखी तोलवो जेम मुश्केल छे, तेम निःशंकपणे निर्मल चारित्र पालवुं महा मुश्केल छे. ॥ ४१ ॥

भुजाभ्यां च यथांभोधि–स्तरितुं न हि शक्यते ॥ तथा प्रशमपाथाधि–रप्रशांतैर्नरैरलं ॥ ४२ ॥

अर्थः—वळी बे हाथवडे जेम महासागर तरी शकातो नथी, तेम शांति रहित हृदयवाळा पुरुषो चारित्रपीरू महासागर तरवाने समर्थ थता नथी. ॥ ४२ ॥

भुंक्ष्व मानुष्यकान् भोगां–स्ततस्त्वं पंचलक्षणान् ॥ वार्धक्ये भुक्तभोगः सन् । वत्स चारित्रमाचरेः॥४३॥

अर्थः—माटे हे वत्स! तुं आ मनुष्यभवसंबंधि (पांचे इंद्रियोना) पांचे प्रकारना भोगो भोगवी अने एरीते भोगो भोगव्याबाद वृद्धावस्थामां तुं चारित्रनो स्वीकार करजे? ॥ ४३ ॥

पित्रोस्तदुक्तमाकर्ण्य । मृगापुत्रेऽब्रवीदिदं ॥ निःस्पृहस्येह लाके मे । न किंचिदपि दुष्करं ॥ ४४ ॥

अर्थः—माता पिताना एवां वचनो सांभळीने मृगापुत्रे एम कह्युं के, (हे पूज्यौ!) आ संसारमां कोइ पण प्रकारनी लालचथी रहित थयेला एवा मने (चारित्र लेवामां) कंइ पण (हवे) मुश्केली नथी. ॥ ४४ ॥

P.P. Ac. Gunratnasuri M.S.   Jun Gun Aaradhak Trust

शरीरमानसोद्भूता । मया सोढा अनंतशः ॥ वेदना असकृद्भीमा—स्तथा दुःखं भयानि च॥ ४५ ॥

अर्थः—(हेपूज्य!) शरीर अने मनथी उत्पन्न थयेली भयंकर वेदनाओ, तथा दुःख अने भयमें अनंतीवार सहन कर्यां छे.

चातुर्गतिकसंसारे । नानाक्लेशभयंकरे ॥ जन्ममृत्यादिदुःखानि । मया सोढान्यनंतशः ॥ ४६ ॥

अर्थः—वळी विविध प्रकारना क्लेशोथी भयंकर देखाता एवा आ चतुर्गतिरुप संसारमां जन्म मरण आदिकनां दुःखो में अनंतीवार सहन कर्यां छे. ॥ ४६ ॥

यथोष्णोऽग्निश्च लोकेऽस्ति । ततोऽनंतगुणोऽनलः ॥ उष्णो हि नरके तस्या—नुभूता वेदना मया ॥४७॥

अर्थः—आ लोकमां रहेलो अग्नि जेवो उष्ण छे, तेथी पण अनंतगणी उष्णतावाळो अग्नि खरेखर नरकमां छे, अने ते नरकना अग्निनी पण वेदना में अनुभवेली छे. ॥ ४७ ॥

यथा शैत्यं नृलोकेऽस्ति । ततोऽनंतगुणं स्मृतं ॥ नरके शीतमेतस्य । व्यथा भुक्ता मयामिताः ॥ ४८ ॥

अर्थः—आ मनुष्यलोकमां जेवी ठंडी छे, तेथी पण अनंतगणी ठंडी नरकमां कहेली छे, अने ते नरकनी ठंडीनी पण में प्रमाण वेदनाओ भोगवेली छे. ॥ ४८ ॥

तत्र कुंभीषु चक्रेऽह—मूर्ध्वपादस्त्वधःशिराः ॥ पक्वपूर्वो ज्वलद्वह्ना—वहं मातरनंतशः ॥ ४९ ॥

अर्थः—वळी हे माताजी! ते नरकमां मने कुंभीनी अंदर उंचे पग, अने नीचे मस्तक, एम उंधे मस्तके लटकावीने पूर्वे बळता अग्निमां अनंतीवार पकावेलो छे.

P.P. Ac. Gunratnasuri M.S.   Jun Gun Aaradhak Trust

पुनरत्र महादावा-नलज्वालोपमेऽप्यहं ॥ जाज्वलद् (कलंब) वालुकामध्ये । दग्धपूर्वोऽस्म्यनंतशः ॥५०॥

अर्थः—वळी त्यां महान दावानलनी ज्वालासरखी धग धगती (बाणसरखी तीक्ष्ण) वेळुनी अंदर पण पूर्वे मने अनंतीवार पकाववामां आव्यो छे. ॥ ५० ॥

विरसत् कटु कुंभीषु- र्ध्वं बद्धोऽहमबांधवः ॥ अनंतशशिछन्नपूर्वः । करपत्रादिभिस्तथा ॥ ५१ ॥

अर्थः—वळी बांधव विनाना निराधार एवा मने ते कुंभीमां उंचे बांधीने लटकाववाथी अति आर्तनादे रडतां एवा मने करवत-आदिकथी अनंतीवार पूर्वे वेरवामां आवेलो छे. ॥ ५१ ॥

सुतीक्ष्णकंटकाकीर्णे । प्रोच्चे शंबलिपादपे ॥ परमाधार्मिकैर्बद्धो । भग्नगात्राऽस्म्यनंतशः ॥ ५२ ॥

अर्थः—अति अणीदार कांटाओथी भरेला उंचा शाल्मली वृक्षपर बांधीने परमाधामीओए अनंतीवार मारां अंगोपांगो भांगी नाख्यां छे. ॥ ५२ ॥

आरटन्निक्षुवद्भीम-महायंत्रेषु दुःस्वरैः ॥ अनंतशः पीलितोऽहं । पापकर्मो स्वकर्मभिः ॥ ५३ ॥

अर्थः—वळी त्यां आर्तनादथी अरेराटी करता एवा मने पापीने में बांधेला कर्मोने लीधेज म्होटा भयंकर यंत्रमां सेलडीनीपेठे अनंतीवार पीलवामां आव्यो छे. ॥ ५३ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

कूजन् कोलस्वरूपैस्तु । शबलश्यामदैवतैः ॥ पातितः पाटितच्छिन्न-स्त्वहं दंष्ट्रादिभिर्द्रुवत्॥ ५४ ॥

अर्थः— वळी त्यां आर्तनादथी कीकीयारी करता एवा मने ते श्याम रंगना परमाधामिक देवोए सुअरनां रूप धरीने वृक्षनीपेठे पोतानी दाढोवडे त्यां पाडी चीरीने छिन्नभिन्न करी नाख्यो छे. ॥ ५४ ॥

द्विधाकृतोऽमीभिर्भिन्नो । भल्लीभिः स्फटितोऽस्म्यहं ॥ सूक्ष्मखंडी कृतश्चापि । तत्र पापादनंतशः ॥५५॥

अर्थः—वळी त्यां नरकमां ते परमाधामीओए पापोने लीधे अनंतीवार मारा बन्ने टुकडाओ कर्या छे, मने भालांओथी वींधी नाख्यो छे, फाडी नाख्यो छे, तथा मारा न्हाना न्हाना टुकडाओ करी नाख्या छे. ॥ ५५ ॥

योजितोऽहं ज्वलल्लोह-रथे ससमिले वशः ॥ तत्र तोत्रादिभिर्भिन्न । स्तीक्ष्णसूच्यग्रसंनिभैः ॥ ५६ ॥

अर्थः—वळी त्यां मने वश करीने धोंसरीवाळा बळता लोखंडना रथमां तेओए जोड्यो छे, अने तीक्ष्ण सोइना अग्रभागसरखी आरोवडे मने भेदी नाखवामां आव्यो छे. ॥ ५६ ॥

तृषा क्लांतो जलं पास्या-मीति तैश्च विकुर्वितां ॥ प्राप्तो वैतरिणीं तत्र । च्छिनोऽसिसदृशोर्मिभिः ॥५७॥

अर्थः—वळी त्यां तृषाथी पीडाइने जल पीवानी इच्छा करतां, तेओए विकुर्वेली वैतरिणी नदीमां मने लेइ गया, अनें त्यां तलवार सरखां मोजांओ वडे हुं छिन्न भिन्न थयो. ॥ ५७ ॥

P.P. Ac. Gunratnasuri M.S.   Jun Gun Aaradhak Trust

प्राप्तोऽहमुष्णसंतप्त–स्त्वसिपत्र महावनं ॥ एतद्गिरसिसंकाशैः । पत्रैः खंडीकृता भृशं ॥ ५८ ॥

अर्थः—वळी अग्निथी तपेला एवा मने तेओ असिपत्रनां म्होटां वनमां लेइ गया, अने त्यां तलवार सरखां पत्रोवडे मारा एकदम टुकडे टुकडा थइ गया. ॥ ५८ ॥

मुद्गराद्यायुधैस्तीक्ष्णै–रन्यान्यकल्पितैरहं ॥ हताशो भग्नगात्रः सन् । प्रापमत्राऽसुखं घनं ॥ ५९ ॥

अर्थः—वळी हताश थयेला एवा मने तरेह तरेहना विकुर्वेलां मुद्गर आदिक तीक्ष्ण शस्त्रोवडे मारीने मारां अंगोपांग भांगी नाख्यां, अने तेथी पण हुं त्यां घणुं दुःख पाम्यो. ॥ ५९ ॥

तीक्ष्णधारैस्ततो भूरि–क्षुरिकाकर्तनीभरैः ॥ कल्पितः पाटितश्छिन्न । उत्कृतोऽहमनेकशः ॥ ६० ॥

अर्थः—पछी तीक्ष्ण धारवाळी घणी छरीओ तथा कातरोना समूहोवडे मने अनेकवार त्यां काप्यो, फाड्यो, छेद्यो, तथा मारी चामडी उतरडी लेवामां आवी. ॥ ६० ॥

बध्ध्वा बाढं ततः पाशै–र्मृगवद्व्याकुलीकृतः ॥ आर्तो रुदंश्च विवश– स्त्वहं व्यापादितः पितः ॥ ६१ ॥

अर्थः—वळी हे पिताजी! त्यां मने हरिणनीपेठे मजबूत पाशोवडे बांधीने व्याकुल करवामां आव्यो, अने ए रीते पराधीन थयेला तथा आर्तस्वरे रुदन करता एवा मने मारीनाखवामां आव्यो. ॥ ६१ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

मकराकृतिभिस्तैश्च । ग्रस्तोऽहमवशः पितः ॥ तत्कृतैस्तत्र जालैश्च । मत्स्यवद्दुःखितः कृतः ॥ ६२ ॥

अर्थः—वळी हे पिताजी! मगरना आकारवाळा ते परमाधामीओ शरणरहित एवा मने मत्स्यनीपेठे गळी गया, वळी त्यां तेओए विकुर्वेली जालोमां पकडीने पण मने दुःखी कर्यो छे. ॥ ६२ ॥

श्येनादिरूपैर्देवैस्तै—र्वज्रतीक्ष्णै स्वचंचुभिः ॥ पक्षिवत् त्रोटितो विद्ध—श्छेदितोऽहमनेकधा ॥ ६३ ॥

अर्थः—वळी बाजआदिकना रूपवाळा एवा ते परमाधामीओए पोतानी वज्र सरखी तीक्ष्ण चांचोवडे मने पक्षिनीपेठे अनेक प्रकारे तोड्यो छे, वींध्यो छे, तथा छेदी नाख्यो छे. ॥ ६३ ॥

कृतारारटि रह तात । मातश्च द्रुमवद्भृशं ॥ कुट्टितः स्फाटितश्छिन्न—स्तक्षितश्च सुराधमैः ॥ ६४ ॥

अर्थः—वळी ते अधम परमाधामी देवोए अरेडाटी करता एवा मने त्यां वृक्षनीपेठे खूब कूट्यो छे, फाड्यो छे, छेद्यो छे, तथा छोली नाख्यो छे. ॥ ६४ ॥

लोहकारैरिवायोवत् । परमाधार्मिकैरहं ॥ ताडितः कुट्टितः श्रेणी—कृतश्च निजकर्मभिः ॥ ६५ ॥

अर्थः—वळी ते परमाधामी देवोए, लुहार जेम लोखंडने, मारां कर्मोने लीधे मने मार्यो छे, कूट्यो छे, तथा तेम करीने पातळी पाटी जेवो पण कर्यो छे. ॥ ६५ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ताम्रादीन्यति तप्तानि । पायितो विरसं रसन् ॥ भृशं कलकलारावं । कुर्वन्नेवासुरै रहं ॥ ६६ ॥

अर्थः—वळी अत्यंत विलाप करता एवा मने ते परमाधामीओए अति उकाळेलां उनां कलकलतां तांबाआदिक धातुओना रसो पायाछे

प्राग्भवे तव मांसानि । प्रियाणि मदिरास्तथा ॥ इति संस्मार्य मद्देहा—न्मांसानि रूधिराणि च ॥ ६७ ॥

गृहीत्वा वह्निवर्णानि । कृत्वा च त्रिदशैरिमैः ॥ खादितः पायितश्चाहं । रुदन्नपि कुकर्मभिः॥ ६८ ॥युग्मं॥

अर्थः—पूर्वभवमां तने मांस अने मदिरा (खावा पीवामाटे) बहु व्हालां हतां, एम याद करावीने मारां कुकर्मोने लीधे मारांज शरीरमांथी मांस अने रुधिर कहाडीने, तथा तेनें अग्नि सरखां करीने, ते परमाधामी देवोए मने रोवरावीने पण खवराव्यां अने पीवराव्यां छे ॥ ६७ ॥ ६८ ॥ युग्मं ॥

प्रागजन्मनि त्वया मूढ । परस्त्रीसंगमः कृतः ॥ परमाधार्मिकैर्देवै—र्निर्भर्त्स्येति पुनः पुनः ॥ ६९ ॥

तप्तपुत्तलिकामग्नि—वर्णां कृत्वा तया समं ॥ आलिंगनानि बहुधा । कारितोऽहं च दीनवाग् ॥७०॥युग्मं॥

अर्थः—अरे मूढ! तें पूर्वजन्ममां परस्त्रीनो संग करेल छे, एम ते परमाधामिक देवोए वारंवार मने निर्भ्रंछीने, ॥ ६९ ॥ (लोखंडनी) पुतळीने अग्निमां लालचोळ तपावीने, तें पुतळीसाथे, दीन वचनो बोलता एवा पण मने घणी घणीवार आलिंगन कराव्युं ॥ ७० ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

एवं च नित्यभीतेन । दुःखितेन मयाखिलाः ॥ वेदना वेदिता एताः । पितरौ नरके पराः ॥ ७१ ॥

अर्थः—हे मातापिताजी! एरीते हमेशां भय पामेला अने दुःखी थयेला एवा में नरकनी अंदर उपर वर्णन कर्या मुजब परम (तीव्र) वेदनाओ में सहन करेली छे. ॥ ७१ ॥

नृलोके यादृशास्तात । दृश्यंते वेदना घनाः ॥ ततोऽनंतगुणाः संति । नरके दुःखवेदनाः ॥ ७२ ॥

अर्थः—माटे हे पिताजी! मनुष्यलोकमां जेजेघणी वेदनाओ देखाय छे,तेथी पण अनंतगणी नरकनी अंदर थतां दुःखोनी वेदना छे.

मयका नरकेष्वेव–मनुभूता हि वेदनाः ॥ पितरौ तद्युवां ब्रूतं । सुकुमालोऽस्म्यहं कथं ॥ ७३ ॥

अर्थः—हे मातापिताजी! खरेखर ए रीते नरकोनी अंदर में वेदनाओ अनुभवेली छे, माटे आप कहो के, हुं शीरीते सुकुमाल छुं

इत्युक्त्वा विरते तस्मिन् । पितरावाहतुस्त्विदं ॥ हे वत्स स्वेच्छयैव त्वं । श्रामण्यं गृह्ण सत्वरं ॥ ७४ ॥

अर्थः—एम कहीने ते मृगापुत्र ज्यारे मौन रह्यो, त्यारे तेना मातापिताए एम कह्युं के, हे वत्स! तुं । (सुखेथी) तारी इच्छा-मुजब तुरत चारित्र ग्रहण कर. ॥ ७४ ॥

परं निःप्रतिकर्मत्वं । श्रामण्ये च सुदुष्करं ॥ व्यतीते यौवने तस्या–नुभवस्ते भविष्यति ॥ ७५ ॥

अर्थः—परंतु मुनिपणामां (रोगआदिकनो) इलाज नही करातो होवाथी ते पाळवानुं मुश्केली भर्युं छे, अने तेमातेनो यौवनावस्था वीत्याबाद तने अनुभव थशे. ॥ ७५ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

सोऽवक् पितरौ युष्मद्वथां । युदुक्तं च तथैव तत् ॥ परं वने कुरंगाणां । परिकर्म करोति कः ॥ ७६ ॥

अर्थः—त्यारे ते मृगापुत्रे कह्युं के, हे मातापिताजी! आपे जे कह्युं, ते तेमज (सत्यज) छे, परंतु वनमां हरिणोनी (रोगआदिक वखते) सेवाचाकरी कोण करे छे! ॥ ७६

एकाकी हरिणोऽरण्ये । चरति स्वेच्छया यथा ॥ तथैकः संचरिष्यामि । धर्मं सुचरणात्मकं ॥ ७७ ॥

अर्थः—जेम हरणि एकाकी जंगलमां पोतानी इच्छामुजब विचरे छे, तेम हुं पण एकलोज विचारीने आ उत्तम चारित्रधर्मनुं पालन करीश. ॥ ७७ ॥

कुरंगस्य यदातंकः । कांतारे विजने भवेत् ॥ वृक्षमूले स्थितं दीनं । चिकित्सेत्तं तदा हि कः ॥ ७८ ॥

अर्थः—ज्यारे तेवां निर्जन वनमां ते हरिणने कंइं रोग थाय छे, अने तेथी ते वृक्षनीचे दीन थइने बेसी जाय छे, त्यारे खरेखर तेनेमाटे त्यां कोण तेना रोगनी तपास करे छे. ॥ ७८ ॥

को दत्तेऽस्यौषधं वा कः । परिपृच्छति वा सुखं ॥ कस्तृणानि जलं वास्य । समानीयाथवाऽर्पयेत् ॥ ७९ ॥

॥ १९ ॥

अर्थः—अथवा त्यां तेने कोण औषध आपे छे, तथा तेने सुखसाता कोण पूछे.? वळी तेने घास अथवा जल कोण लावीने आपे छे. ॥ ७९ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

रोगाभावात्सुखी सम्यग् । यदा गोचरमेति च ॥ तदा तृणजलार्थं स । महारण्ये सरस्सु च ॥ ८० ॥

अर्थः—रोग मटी जवाथी ज्यारे ते हरिण सारीरीते साजो थइ गोचरमां आवे छे, त्यारे ते घास तथा पाणी माटे महोटां जंगल तथा तळावमते जाय छे. ॥ ८० ॥

तृणं भक्ष्यं चरित्वांभः । पीत्वा वने सरस्सु सः ॥ मृगचर्यां चरित्वा च । गच्छेन्मृगभुवंमृगः ॥ ८१ ॥

अर्थः—त्यां वनमां भक्षण करवायोग्य घास खाइने, तथा तळावोमां जल पीने, अने एरीते मृगचर्यापणे विचरीने ते हरिण (पोतानी) मृगभूमिमां जाय छे. ॥ ८१ ॥

एवं समुत्थितः साधुः । संयमेऽनियतस्थितिः ॥ मृगचर्यामथा सेव्य । प्रयात्यूर्ध्वगतिं कृती ॥ ८२ ॥

अर्थः—एवी रीते (दीक्षा लेइने) चारित्रमां उद्यमवंत थयेलो साधु पण एक जगोए नहि रहेतां (विहार करतो थको) उपर वर्णवेली मृगचर्या सेवीने कृतार्थ थयो थको उंची गतिमां (मोक्षमां) जाय छे. ॥ ८२ ॥

अनेकचारीहरिणो यथैक—स्त्वनेकवासोऽध्रुवगोचरश्च ॥
एवंमुनिर्गोचरिकां प्रविष्टो । नो हीलयेत्किंचिदथो न निंदेत् ॥ ८३ ॥

अर्थः—अनेक जगोए विचरनारो हरिण जेम एक जगोए निवास करी रहेतो नथी, तथा अनिश्चित गोचरवाळो होय छे, तेरीते (मृगचर्या) करतो मुनि गोचरीमाटे (गृहस्थने घेर) प्रवेश करीने कोइनी हीलना के निंदा करतो नथी. ॥ ८३ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

मृगचर्यां चरिष्यामि । पितरौ भवदाज्ञया ॥ विज्ञाय पितरौ ब्रूतो । दुर्निवार्यं तदाग्रहं ॥ ८४ ॥

अर्थः—माटे हे मातापिताजी! आपनी अनुज्ञाथी हुं पण तेवी मृगयचर्या आचरीश. हवे ते मृगापुत्रना मावाप तेना आग्रहने न निवारी शकाय तेवो जाणीने कहेवा लाग्या के, ॥ ८४ ॥

मृगापुत्रकुमारेंद्र । मृगचर्याभिरामता ॥ चेत्तदा तां गृहीत्वाशु । चरित्वा च सुखी भव ॥ ८५ ॥

अर्थः—हे मृगापुत्र कुमारेंद्र! ज्यारे तने तेवी मृगचर्या व्हाली छे, तो तुरत ते मृगचर्या ग्रहण करीने, तथा ते मुजब विचरीने तुं सुखी था.? ॥ ८५ ॥

पित्रोरनुज्ञामासाद्य । मृगासूः सत्वसेवधिः ॥ बाह्यमाभ्यंतरं सर्वं । तूर्णं त्यक्त्वा परिग्रहं ॥ ८६ ॥

तथा संयममासाद्य । मृगाचर्यामसेवत ॥ क्षिप्त्वा कर्माण्यशेषाणि । मृतं प्राप्तोऽव्ययं पदं ॥८७॥युग्मं॥

अर्थः—एरीते सत्त्वरना निधानसरखो ते मृगापुत्र मातापितानी रजा मेलवीने तुरत सर्व प्रकारनो बाह्य तथा अभ्यंतर परिग्रह तजीने,॥८६॥तथा चारित्र लेइने मृगचर्या मुजब विचरवा लाग्या, अने तुरतज सर्व कर्मोनो क्षय करीने मोक्षपद पाम्या.॥८७॥युग्मं॥

मृगापुत्र इवामंद- परमानंदसौख्यदां ॥ मृगचर्यां निषेवध्वं । प्रयत्नेन मुनीश्वरः ॥ ८८ ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अर्थः—हे मुनीश्वरो! एरीते मृगापुत्रनीपेठे शाश्वता परम आनंदना सुखने (मोक्षने) आपनारी मृगचर्याने तमो पण प्रयत्नपूर्वक सेवो.! ॥ ८८ ॥

सुग्रीवे नगरे स्वमंदिरगवाक्षे संस्थितः स्वर्गिवत् । दृष्ट्वा संयमिनं जितेंद्रियगणं संजातजातिस्मृतिः ॥
प्राग्जन्मन्यनुभूतभूरिनरकोग्रद्वेदनावर्णनैः । पित्रासात्मविमोक्ष एष चरणात् सिद्धो मृगापुत्रकः ॥८९॥

अर्थः— सुग्रीवनामना नगरमां देवनीपेठे पोताना महेलना झरुखामां बेठेला मृगापुत्र (मार्गे जता) जितेंद्रिय मुनीराजने जोइने जातिस्मरण ज्ञान थवाथी पूर्व जन्ममां अनुभवेली नरकनी घणी वेदनाओना वर्णन पूर्वक मातापितानी रजा लेइने, चारित्र अंगीकार करी मोक्षे गया. ॥ ८९ ॥

॥ इति श्री मृगापुत्रचरित्रं समाप्तं ॥ श्रीरस्तु ॥

आ ग्रंथ श्री जामनगर निवासी पंडित श्रावक हीरालाल हंसराजे तेनुं गुजराती भाषांतर करी, ते सहित स्वपरना श्रेयमाटे श्रीशुभवर्धनगणीजीए रचेली ऋषिमंडलनी टीकामांथी ओधरीने पाताना श्री जैनभास्करोदय छापखानामां छापी प्रसिद्ध कर्यो छे.

॥ समाप्तोऽयं ग्रंथः गुरुश्रीमच्चारित्रविजयसुप्रसादात् ॥ ॥ श्रीरस्तु ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

॥ इति श्रीमृगापुत्रचरित्रं समाप्तं. ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust